ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૧

ગાંધીનગર તાપમાન

# હોળી પર્વમાં બજારમાં ધાણી, ખજુરનું બજાર ગરમ



ગાંધીનગર, તા.૮

હોળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારમાં ધાણી, ખજુર અને હાયડાના વેચાણમાં ઉછાળો જોવા મળ્યો છે. જયારે આ વર્ષે હોળી માટેના પણ સ્પેશીયલ ગીફટ બોકસ બજારમાં આવી ગયા છે. શહેરમાં ગત વર્ષ કરતા ધાણી અને ખજુરમાં સામાન્ય ભાવ વધારો જોવા મળ્યો છે. પરંતુ રંગબેરંગી કલરથી મનને ભીંજવી દેનાર આ પર્વને ભાવ વધારો કયાંય નડતો નથી. બજારમાં આ વર્ષે ધાણી તેમજ ખજુર રૂ.૮૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જયારે દુબઈથી આવતી ખજુરનો ભાવ અલગ અલગ છે. જયારે કોઈ મિત્ર કે પરિવારને આપવા માટેના ગીફટ બોકસ રૂ.૩૦૦થી લઈ રૂ. ૧૦૦૦ સુધીમાં ઉપલબ્ધ છે પરંતુ સૌથી વધુ વેચાણ કચ્છી ખજુરનું થવા પામે છે.

હોળીના તહેવારનું અનોખું મહત્વ રહેલું છે. ભારતભરમાં વિવિધ પ્રકારે તેની ઉજવણી કરવામાં આવે છે. હોળી એ રંગોનો તહેવાર માનવામાં આવે છે. નાના બાળકથી લઈ સૌ કોઈ વિવિધ રંગો સાથે રંગાઈને પર્વની ઉજવણી કરે છે. સાથે સાથે આ તહેવામાં ખજુર અને ધાણી ખાવાનું અનેરું મહત્વ છે. ત્યારે શહેરના સેકટર-૬,૭, તેમજ સે-૨૧,૨૨, અને ૨૪માં પણ ખજુર તેમજ મકાઈ અને જુવારની ધાણી સહિત હાયડા લટકી રહ્યા છે. તહેવારને માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી શહેરીજનોની ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. નાગરીકોને સૌથી વધુ કચ્છી ખજુર પસંદ હોવાથી માર્કેટમાં તેનુ વેચાણ વધુ થાય છે. જયારે સીડલેસ ખજુર પણ રૂ.૧૨૦ના કિલોના ભાવે વેચાઈ રહી છે. જયારે દુબઈથી આવતી કાળી ખજુરનો કિલોનો ભાવ રૂ.૩૬૦ છે. પરંતુ આ ખજુર શરીરમાં લોહી બનાવવા માટે વપરાય છે. હોળીમાં મકાઈની ધાણી ૮૦ અને જુવારની ધાણી ૭૦ રૂપીયાના ભાવે ઉપલબ્ધ છે. જયારે હોળીમાં ખાસ મનાતા હાયડા પણ કેટલીક દુકાનોમાં લટકીને આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જયારે શહેરના બજારોમાં હોળીને લગતી વિવિધ ચીજવસ્તુ ખરીદી માટે નાગરીકોની ભારે ભીડ જામી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**હર્ષાબા ધાધલ**

નગરસેવક

**ગાંધીનગર ગમે**

સંસ્કારી, હરિયાળું, શાંત, આહ્લાદક હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

ભારત અને ગુજરાતના દરેક વિસ્તારના લોકો એક થઈ કુટુંબ ભાવનાથી અહીં જીવે છે ને ભારતીય સંસ્કૃતિનું જતન કરે છે. આવા સેવાપ્રેમી નગરજનો આદરણીય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવાકાર્યને સમર્પિત, ૨૪ કલાક કાર્યરત જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગરીબો, વિધવાઓ, નિરાધાર, ગરીબ બાળકોને શિક્ષણની જરૂરિયાત, સગર્ભ બહેનોને સેવા આપતી તથા પાગલ, નિઃસહાય વ્યક્તિઓ અને પશુ-પક્ષીઓની સેવા કરતા સંગઠન સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાથી પ્રભાવિત છું. આદરણીય ખારોડ સાહેબ, મહેન્દ્રભાઈ ત્રિવેદી, એન પી પટેલ, નિલેન્દુભાઈ વોરા, લતાબેન ચોકસી વગેરેની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને વંચિતોના યોગ્ય શિક્ષણ માટે ઘણું કરવાનું બાકી છે એવું મને લાગે છે.

**નગર માટે હું કરી શકું**

દરેક ક્ષેત્રે ગાંધીનગરનું ઋણ ચૂકવવા સતત પ્રયત્નશીલ છું અને પ્રયત્નશીલ રહીશ.

## @ગાંધીનગર

● ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનો ૩જો પદવીદાન સમારોહ સાંજે ૫.૩૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ સે-૯ ખાતે યોજાશે.

● સે-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજમાં સવારે ૯.૩૦ કલાકે મોક પાર્લામેન્ટ કાર્યક્રમ યોજાશે.

## રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા વનવિભાગને હોળીના લાકડા આપવા રજુઆત કરાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં હોળીના તહેવારને ધામધુમથી મનાવવામાં આવે છે. શહેરના સેકટરોમાં તેમજ શહેરમાં સમાવિષ્ટ ગામોમાં હોળીનો તહેવાર ભાવપૂર્વક ઉજવવામાં આવે છે. ત્યારે શહેર નિર્માણ પામ્યું ત્યારથી જરૂરીયાત મુજબ હોળી માટેના લાકડા વનવિભાગ દ્વારા ટોકન દરે આપવામાં આવે છે. પરંતુ કોણ જાણે કેમ પણ તંત્ર એ ગત વર્ષથી અચાનક હોળીના લાકડા આપવાના બંધ કરી દીધા છે. જેથી હોળીનું આયોજન કરતા સંચાલકોએ ના છુટકે આસપાસના વિસ્તારમાં આવેલા ડેન્સામાંથી મોંઘા લાકડાની ખરીદી કરીને હોળીના પર્વની ઉજવણી કરવી પડે છે ત્યારે આ વર્ષે વનવિભાગ હોળી માટે લાકડા આપે તે માટે રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરાઈ છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયથી શહેરના સેકટરોમાં પરંપરાગત રીતે હોળીની ઉજવણી કરવામાં આવે છે. હોળી પર્વ માટેના લાકડા વનવિભાગ તરફથી સસ્તા દરે આપવામાં આવતા હતા. દરેક સેકટરના હોળીના આયોજનકર્તાને જરૂરીયાત મુજબ લાકડા આપવામાં આવતા હતા. પરંતુ ગત વર્ષથી વનવિભાગ દ્વારા લાકડા આપવામાં આવતા નથી. અમારી પાસે પુરતા લાકડા નથી. તેમજ લાકડા લીલા છે. દરેક વ્યકિતને હોળી માટે આપવામાં આવે તેટલા પ્રમાણમાં લાકડા નથી તેવા વિવિધ બહાના બતાવીને લાકડા આપવામાં આવતા નથી. જેથી નાગરીકોએ ના છુટકે શહેરી વિસ્તારના આસપાસમાં આવેલ ડેન્સામાંથી મોંઘા ભાવના લાકડા ખરીદીને હોળીની ઉજવણી કરવી પડે છે. ત્યારે રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરીને હોળી માટે નાગરીકોને લાકડા આપવા રજુઆત કરી છે. જયારે હોળી માટેના લાકડા તંત્ર દ્વારા નહી આપવામાં આવે તો હોળીના દિવસે શહેરના નાગરીકો તેમજ યુવાનો સરકારો હુરીયો બોલાવશે તેમ રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે જણાવ્યું છે.

# નદીના પુલ પરથી પીડીપીયુના વિદ્યાર્થીએ લગાવી મોતની છલાંગ

**ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સાબરમતી નદીનાં પુલ પાસે વાહન મુકીને કોઈ કારણોસર કોરી નદીમાં પડતું મુકયુ : આપઘાતનું કારણ અકબંધ**





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા શિહોલી મોટી ગામમાં રહેતા અને પીડીપીયુ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આજે સવારે કોઈ અગમ્ય કારણસોર નદીના પુલ પરથી પડતું મુકીને મોતને વ્હાલુ કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. ગાંધીનગર-ચિલોડા રોડ પર સાબરમતી નદીના પુલ પાસે પોતાનું એકસેસ મુકીને તેણે પુલ પરથી મોતની છલાંગ લગાવી હતી. ચિલોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

શિહોલી મોટી ગામમાં રહેતો ૨૪ વર્ષીય યુવાન વિકાસ શિવકૃષ્ણ યાદવ રાયસણ પાસે આવેલી પીડીપીયુ કોલેજમાં બી.ટેકનો અભ્યાસ કરતો હતો તેના પિતા એરફોર્સમાં નોકરી કરે છે. નિત્યક્રમ મુજબ વિકાસ યાદવ આજે વહેલી સવારે પાંચ વાગ્યે પોતાનું એકસેસ નં. જીજે ૧૮ એ.પી. ૮૧૯૨ લઈને કસરત કરવા જવા નીકળ્યો હતો. જો કે આજે તે પોતાનો મોબાઈલ લઈને નહતો નીકળ્યો. કલાકો વિતી ગયા છતાં તે ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરુ કરી દીધી હતી. દરમિયાન માહિતી મળી કે સવારે વિકાસ યાદવે પોતાનું એકસેસ ગાંધીનગર ચિલોડા રોડ પર આવેલી સાબરમતી નદીના પુલ પર મુકી ખાલી નદીમાં મોતની છલાંગ લગાવી દીધી છે. વિકાસે કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી નથી. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએમ કરાવી પરિવારજનોને જાણ કરી આપઘાતનું કારણ બહાર લાવવા ઉંડી તપાસ આરંભી છે.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલ ખાતે પીવાના પાણીની તંગી ઉભી થતા દર્દીઓ તથા સગાંઓને હાલાકી ભોગવવી પડી હતી. હવે ઉનાળાના દિવસો શરૂ થઈ ગયાં હોવાથી સિવિલ હોસ્પિટલ તંત્રએ પીવાના પાણીના યોગ્ય પુરવઠાની વ્યવસ્થા કરવી જરૂરી થઈ પડશે.

● ગાંધીનગર આરટીઓ કચેરીએ નવી હાઈ સિકયુરિટી નંબર પ્લેટ લગાડવા આવતા વાહનચાલકો પાસે કર્મચારીઓ દ્વારા બક્ષીસ માંગવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. બીજી તરફ સરકાર દ્વારા આરટીઓની વિવિધ સેવાઓના દરોમાં પણ કરાયેલો ધરખમ વધારો પણ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

● વિશ્વ મહિલા દિવસની નગરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પોતપોતાની રીતે ઉજવણી કરવામાં આવી હતી. સે-૭માં યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતા ફિઝિયોથેરેપી સેન્ટર ખાતે મહિલાઓને નિઃશુલ્ક ફિઝિયોથેરેપી સારવાર તથા નિદાનની સેવાઓ આપવામાં આવી હતી.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય પરિષદ ગાંધીનગર શાખાના સભ્યશ્રી તૃપ્તિબેન દિપેશભાઈ પરીખે શ્રી વિઠ્ઠલેશ વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા આયોજિત વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં 'શુધ્ધાદ્વૈત પુષ્ટિ રત્નાકર'ની પરિક્ષામાં ૭૩.૬૭ ટકા મેળવી તૃતીય નંબરે ઉત્તીર્ણ થયેલ છે. શ્રીમતી તૃપ્તિબેનને દ્વિતીય પદવીદાન સમારંભમાં કુલાધિપતિ પ.પૂ.પા.ગો. ૧૦૮શ્રી વ્રજેશકુમારજી મહારાજ અને કુલપતિ પ.પૂ.ગો. ૧૦૮શ્રી વાગીશકુમાર મહોદયના વરદહસ્તે ગોલ્ડમેડલ તેમજ પદવી પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. શ્રીમતી પરીખે ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદનું ગૌરવ વધાર્યું છે. તેમને વૈષ્ણવ સમાજ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# વોર્ડ નં. ૮માં સ્થાનિક મહિલાઓ સાથે મહિલા દિવસની ઉજવણી





ગાંધીનગર, તા.૮

સમગ્ર ગાંધીનગર શહેરમાં આજે વિશ્વ મહિલા દિવસ ભારે હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. કયાંક મહિલાઓની સિધ્ધિઓને બિરદાવી સન્માનવામાં આવી તો કયાંક મહિલાઓ માટે ચેક અપ કેમ્પ યોજવામાં આવ્યા હતા. જો કે ગાંધીનગરના વોર્ડ નં. ૮ના મહિલા કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સે-૨ના બગીચામાં તેમના વોર્ડની સામાન્ય મહિલા નાગરિકો સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સે-૨ના સ્થાનિક ગોપી મંડળના પ્રમુખ વરિષ્ઠ મહિલા તારાબાના હસ્તે કેક કાપવામાં આવી હતી.

સ્થાનિક મહિલાઓ સાથે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવાનો નવો ચીલો ચાતરતા કોર્પોરેટર પાયલબેન મેણાતે ઉજવણીમાં એકત્ર મહિલાઓને દરેક ક્ષેત્રમાં અગ્રેસર થવા હાકલ કરી હતી. આ સાથે તેમણે મહિલાઓને પોતાના હક્કો માટે પણ જાગૃત થવા આહવાન કર્યું હતું. આ ઉજવણીમાં સે-૨ના ગાર્ડનમાં નિયમિત યોગાભ્યાસ કરતી મહિલાઓ પણ જોડાઈ હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા નાગરિકોની ઉપસ્થિતિ સાથે સ્થાનિક અગ્રણીઓ મુકેશ પટેલ, વસંતભાઈ, મહેન્દ્રભાઈ, મેહુલ સોલંકી, ભાવસારભાઈ તથા વિનોદ મેણાતે હાજરી આપી હતી. કાર્યક્રમના અંતમાં તમામનું આઈસ્ક્રીમ દ્વારા મ્હોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

## સે-૨૪માં મોબાઈલ શોપ પર તસ્કરોનો હાથફેરો

**દુકાનનું શટર તોડી તસ્કરો રૂ. ૪૦ હજાર રોકડા અને ૧૩ મોબાઈલો મળીને સવા લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા**

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૨૪ ખાતે આવેલી એક મોબાઈલ શોપમાં રાત્રી દરમિયાન તસ્કર ટોળકીએ હાથફેરો કર્યો હોવાની વિગતો બહાર આવી છે. અલ્પ મોબાઈલ હબ નામની દુકાનનું શટર તોડીને તસ્કરોએ અંદરથી રૂ.૪૦ હજાર રોકડા તથા ૧૩ નંગ નવા નક્કોર મોબાઈલો મળી રૂ. ૧.૨૨ લાખની મત્તાની ઉઠાંતરી કરી હોવાની પોલિસ ફરિયાદ નોંધાતા સે-૨૧ પોલીસે ગુનો નોંધી તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

કુડાસણ ખાતે પ્રમુખ એકઝોટીકા ખાતે રહેતા અલ્પાબેન ઘનશ્યામસિંહ પરમારને સેકટર-૨૪ ખાતે અલ્પ મોબાઈલ હબ નામની દુકાન છે. ગત રાત્રી દરમિયાન તેમની બંધ દુકાનને ટાર્ગેટ બનાવી તસ્કરોએ દુકાનનું શટર તોડી નાંખ્યું હતું. અંદર ઘુસીને દુકાનમાંથી ૧૩ નંગ સેમસંગ, વીવો, માઈક્રોમેકસ સહીતની કંપનીઓના મોબાઈલો અને રૂ. ૪૦ હજાર રોકડા મળી કુલ રૂ. ૧.૨૨ લાખની કિંમતની મત્તાની ચોરી કરી તસ્કરો સરકી ગયા હતા. આ મામલે સવારે દુકાનમાલિક અલ્પાબેનને જાણ થતાં સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીએસઆઈ પંડયાએ ગુનો દાખલ કરી ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## ઝુલેલાલ-સાંઈબાબા મંદિર સે-૩૦ ખાતે હોળી દહન

ગાંધીનગર, તા.૮

સેકટર-૩૦ સ્થિત ઝુલેલાલ-સાંઈબાબા મદિર ખાતે તારીખ ૧૨-૩-૨૦૧૭ને રવિવારના સાંજે ૭.૦૦ કલાકે હોળી-દહનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો સર્વે ધર્મપ્રેમીઓ અને શ્રધ્ધાળુઓએ આ ધાર્મિક પૂજામાં શ્રધ્ધાભાવથી સામેલ થવા પ્રમુખશ્રી (સિંધી પંચાયત-ગાંધીનગર)એ અનુરોધ કર્યો છે.

## સર્વિસ અસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ મંડળની સામાન્ય સભા ૧૯મી માર્ચે યોજાશે

ગાંધીનગર, તા.૮

સર્વિસ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ મંડળની સામાન્ય સભા તા. ૧૯મી માર્ચના સવારે દશ વાગે અંધશાળા ગાંધીનગર સે-૧૬ ખાતે રાખવામાં આવેલ છે. જમાં ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના નાણાંકીય ઓડિટ રીપાર્ટટ વંચાણે લેવાશે. મંડળની પ્રવૃત્તિઓની પ્રગતિ રજુ થશે. મંત્રીશ્રીનો મોબાઈલ નં. ૯૮૯૮૭૦૪૬૨૯નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# વૈદિક પધ્ધતિએ હોળી પ્રગટાવો અને વાયરસ ભગાડો

**આર્યગ્રામ દ્વારા દેશભરમાં એક જ સમયે, એક સાથે સંપૂર્ણ વૈદિક પધ્ધતિએ હોળી પ્રગટાવવા આહવાન : હોળી દહન માટે સાંજે ૭.૩૦નો સમય નિયત કરાયો**

ગાંધીનગર, તા.૮

આગામી તા. ૧૨મી માર્ચ રવિવારે હોળીનો પવિત્ર તહેવાર છે. હિન્દુ સંસ્કૃતિમાં હોળીના તહેવારનું ખૂબ જ મહત્વ છે. હોળીના તહેવારે સાંજના સમયે હોલિકા દહન કરવામાં આવે છે. જેને વૈદિક ભાષામાં વાસંતિ નવસસ્પેષ્ટિ યજ્ઞ પણ કહેવામાં આવે છે. ગાંધીનગરમાં રાંધેજા ચાર રસ્તા નજીક આર્યગ્રામ ખાતેના વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાન દ્વારા હોલિકા દહન માટે વૈદિક છતાં વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવા હાકલ કરાઈ છે. આ પધ્ધતિ અનુસાર જો દેશભરમાં એક જ તિથિએ એક જ સમયે એક સરખી પધ્ધતિથી હોળી પ્રગટાવવામાં આવે તો વાતાવરણમાંથી અનેક પ્રકારના વાયરસનો ખાત્મો બોલાવી સમાજની તંદુરસ્તી તથા સમૃધ્ધિમાં વધારો કરી શકાય છે તેવું જણાવવામાં આવ્યુ છે.

આર્યગ્રામ ખાતે બે વર્ષથી વૈદિક પધ્ધતિએ હોળી પ્રગટાવવામાં આવે છે. પ્રથમ વર્ષે આર્યગ્રામથી આ શરૂઆત કર્યા બાદ ગત વર્ષે સમગ્ર રાજયમાં આ પ્રકારે વૈદિક હોળી માટે હાકલ કરાતા અનેક સ્થળે વૈદિક પધ્ધતિએ હોળી પ્રગટાવવામાં આવી હતી. આ વર્ષે આર્યગ્રામ-વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાન દ્વારા સમગ્ર દેશમાં વૈદિક રીતે હોળી દહન કરવા આહવાન કરવામાં આવ્યું છે.

વૈદિક પધ્ધતિએ હોળી પ્રગટાવવામાં આ વર્ષે સાંજે ૭.૩૦ વાગ્યાનો સમય નિયત કરાયો છે. હોળી દહનમાં માત્ર આંબો, ગૂલર, વડ, પીપળો, પલાશ, ખેર, ચંદન, રકતચંદન, શ્વેતચંદન, પીળુ ચંદન, અગરતગર, શમી, અર્ક, તુલસી તથા લીમડાના માત્ર સૂકાં લાકડાં જ ઉપયોગમાં લઈ શકાય. વળી તેમાં નવા પાક સાથે સૂકો મેવો, ઓર્ગેનિક સાકર, ખજૂર, ગિલોપ તુલસી, તજ, તુલસી, મંઝાર, ભોજપત્ર, શીતલ સાકર, લજ્જાવતી, ભીમસેની કપૂર, દેવદાર, નાગરમોથા, બિલિ, વાકૂચી, કેસર, પલાશપુષ્પ, જાયફળ, ઈન્દ્રજવ, ગુગળ, પૂષ્કર મૂળ, કમલ ગટ્ટા, જાવંત્રી, જમીઠ, કપૂરકાચલી, તેજપત્ર, શંખપુષ્પી, ખસ, ગોખરું વગેરેની આહુતિ આપવી જોઈએ. વળી, હોળીમાં માત્ર દેશી ગાયના છાણના છાણાનો જ ઉપયોગ કરવો જોઈએ. આ તમામ સામગ્રીને દેશી ગાયના ઘીમાં મેળવી જમણા હાથે સાતવાર ગાયત્રી મંદ સહિતના વૈદોકત મંત્રોનું ઉચ્ચારણ કરતા કરતા આહુતિ આપવામાં આવે તો તે વાતાવરણને શુધ્ધ કરે છે.

**ટાયર-ટયુબ અને લીલાં લાકડાંના ઉપયોગથી પ્રદૂષણ વધે**

વર્ષમાં બે વાર શરદઋતુ અને વસંતઋતુમાં વાતાવરણમાં વાઈરસનું જોખમ વધુ રહે છે. હાલ વસંત ઋતુમાં સ્વાઈન ફલુ, બર્ડ ફલુ સહિતના અનેક વાઈરસ સક્રીય છે. સંપૂર્ણ વૈદિક પધ્ધતિએ જો હોળી દહન કરવામાં આવે તો આ વાઈરસનો નાશ થાય છે તેનાથી સમાજમાં સ્વસ્થતા અને સમૃધ્ધિમાં વધારો થાય છે. અત્યારે સમાજમાં જે રીત હોળી દહન કરાય છે જેમાં લીમડાના લાકડાં, કેમિકલયુકત સાકર તથા દેશી ગાય સિવાયના પ્રાણીઓના છાણના છાણાં તથા ટાયર ટયુબ વગરેનો ઉપયોગ કરાય છે તે પર્યાવરણમાં પ્રદૂષણ વધારે છે.

**- ધર્મેન્દ્ર પટેલ**
**વૈદ્ય, આર્યગ્રામ**

## શેરથા ટોલટેક્ષ નજીક એક ટ્રક ડ્રાઈવરને લુંટી લેવાયો

ગાંધીનગર, તા.૮

અમદાવાદ નરોડા વિસ્તારમાં રહેતા કલ્યાણસિંહ ઉત્તમસિંહ ચૌહાણ ટ્રક ડ્રાઈવર છે. ગઈ રાત્રે કડીથી ટ્રક લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે શેરથા ટોલટેક્ષથી થોડે આગળ રેલવે ગરનાળા પાસે તેમણે પોતાની ટ્રક ઉભી રાખી હતી અને ઝાડીઓમાં લઘુશંકા કરવા ગયા હતા. ઝાડીઓમાંથી આવેલી એક ટોળકી ડ્રાઈવરને અંદર ખેંચી ગઈ અને ડ્રાઈવરે પહેરેલી સોનાની કાનની વાળી અને ટ્રકમાં પડેલા રૂ.૧૦ હજાર રોકડા મળી રૂ. ૧૫ હજારની લુંટ ચલાવી ટોળકી ફરાર થઈ ગઈ હતી. ડ્રાઈવર કલ્યાણસિંહે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પીએસઆઈ મેટલીયાએ લુટારું ટોળકી સામે લુંટનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. ફુલાજી માધાજી ઠાકોર, ઉ.વ. ૭૫